# રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો : નવા ૭૩૪ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ 3 લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૭૦૬૩૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૧૮૦૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં કોરોના વાયરસના વધતા કહેરને રોકવા માટે રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ પહેલી જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂનો સમય ૧૦થી ૬ સુધીનો કર્યો છે તો ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ છે.

૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૩૪ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૫૭૭૨ થયો છે. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૭.૦૬ ટકા થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૩,૫૨૦ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૭,૦૬,૩૦૦ થયો છે. રાજ્યમાં ૭૩૪ નવા દર્દીઓ સામે ૯૦૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨૩૧૮૦૦ એ પહોંચ્યો છે.

રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૨૩.૩૮ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૮,૧૨૫ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૦૮,૦૦૧ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૨૪ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે.

આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૬૬૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૪ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૯૫૯૯ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૩ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૨ અને રાજકોટ કોર્પોરેશનમાં ૧ સહિત કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ વધીને ૪૩૦૯ થયો છે.



ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા અનેક સરકારી કર્મચારીઓ પોઈન્ટની બસોનો ઉપયોગ અપડાઉન માટે કરે છે. આ કર્મચારીઓને આકરો તાપ તથા વરસાદથી રક્ષણ મળે તે માટે સચિવાલય પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે નવા બસ સ્ટેન્ડ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. નવા રૂપરંગ અને ડિઝાઈનના આ બસ સ્ટેન્ડ ખૂબ જ આકર્ષક લાગી રહ્યા છે.

# વરસાદને લીધે ખેડૂતોને જણસ લઈને યાર્ડમાં ન આવવા સલાહ

બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આગામી બીજી તારીખથી ચાર તારીખ સુધી કમોસમી વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આગાહીના પગલે બનાસકાંઠા જિલ્લાનું વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. વરસાદથી ખેડૂતોના જાનમાલને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. બનાસકાંઠા જિલ્લામાં ફરી એકવાર ભર શિયાળે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી બેથી ચાર તારીખ સુધીમાં વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે, જેને પગલે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા પરિપત્ર જાહેર કરાયો છે. જે પ્રમાણે તમામ નાયબ કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને માર્કેટયાર્ડ સહિત તમામ વિભાગને આ ત્રણ દિવસ દરમિયાન સજ્જ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં આવેલા ૧૪ માર્કેટયાર્ડમાં પણ ખેડૂતોના પાકને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે તકેદારી રાખવા જણાવવામાં આવી છે. જેના પગલે તમામ માર્કેટયાર્ડમાં ખેડૂતોના માલ રાખવા માટે સેડની વ્યવસ્થા, ખેડૂતોને માહિતી મળે તે માટે માઈક દ્વારા એનાઉન્સ કરાવી ખેડૂતોને આ બે દિવસ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી તેમની જણસ માર્કેટમાં ન લાવે તે માટે જણાવવામાં આવ્યું છે.

# ઉવારસદની વાવ ખાતે વિશ્વનું સૌપ્રથમ 'સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર' બનશે

## વાવને દત્તક લેનાર સંસ્થા અતુલ્ય વારસો દ્વારા લોકભાગીદારીથી સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર વિકસાવવા પ્રોજેક્ટ હાથ ધર્યો : પ્રવાસન નિગમ દ્વારા પણ વિવિધ સવલતો વિકસાવવા રૂપિયા એક કરોડની ફાળવણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ઉવારસદ ખાતે આવેલ બિનસચવાયેલી અવસ્થામાં જોવા મળતી વાવને અતુલ્ય વારસો સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૯માં દત્તક લેવામાં આવી હતી અને સતત વિવિધ કાર્યક્રમો થકી વાવને જાણીતી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રયાસોની સરકાર દ્વારા પણ નોંધ લેવાઈ અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વાવનાં વિકાસ માટે જરૂરી ગ્રાંટ મંજુર કરવામાં આવી છે જે વર્તમાન સમયમાં ઉવારસદની વાવ અને તેની બાજુની જગ્યામાં વાવને સંલગ્ન વિકાસ કામગીરી ચાલી રહી છે અને રૂ.૧ કરોડનાં ખર્ચે અહીં વિવિધ પ્રવાસન સવલતો ઊભી કરવામાં આવશે.



ગુજરાતમાં ૧૫૦૦થી વધારે વાવો ક્યાંક સચવાયેલી તો ક્યાંક બિન સચવાયેલી અવસ્થામાં આવેલી છે. રાજ્યની પ્રાચીન, અધત્તન અને કલાત્મક વાવો વિશે ક્યાય કોઈ સુવ્યવસ્થિત સેન્ટર કે સંશોધન કેંદ્ર નથી.

વાવ સ્થાપત્ય માત્ર ગુજરાતમાં જ નહી પણ ભારતમાં પણ અનેક સ્થાનોએ જોવા મળે છે ઉપરાંત વાવને સંલગ્ન જળ સ્થાપત્યો વિશ્વમાં પણ કેટલાક દેશોમાં જોઈ શકાય છે. પણ વાવ સ્થાપત્યને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત માહિતી કેંદ્ર અત્યાર સુધી ક્યાંય જોવા મળતું નથી. હવે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા લેવાયેલા પગલાંથી ઉવારસદની વાવનો વિકાસ થશે પણ એ પુરતુ નથી, વાવને જીવંત રાખવા માટે સમયાંતરે વિવિધ પ્રવૃતિઓ કરતા રહેવું અતિ આવશ્યક છે. એ હેતુસર 'અતુલ્ય વારસો' સંસ્થાએ ગ્રામ પંચાયતને વિનંતી કરી વાવની સામેની જગ્યા શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરવા માટે આપી છે જ્યાં સંસ્થાની ટીમ દ્વારા સંપુર્ણ લોકભાગીદારીથી ગુજરાતમાં આવેલ વાવોને અને તેની વિગતોને અનુલક્ષીને 'સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર' બનાવશે. આ કાર્યનો મુખ્ય હેતુ રાજ્યમાં આવેલ વાવ સ્થાપત્યની માહિતી વિધાર્થીઓ, પ્રવાસીઓ અને સંશોધકોને સરળતાથી મળી રહે તેનો છે. ગાંધીનગર જીલ્લામાં આવેલ ઉવારસદ ગામમાં વિશ્વનું સૌપ્રથમ 'સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર' બનવા જઈ રહ્યું છે જેને ટીમ અતુલ્ય વારસો દ્વારા તૈયાર કરવામાં આવશે. આ સેન્ટરમાં મુખ્યત્વે પ્રાચીન જળ વ્યવસ્થા, જળ સ્થાપત્યનાં પ્રકાર, વાવ સ્થાપત્ય, વાવનાં પ્રકારો, વાવની સરંચના જેવા વિષય પર માહિતીને પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉપરાંત અહીં રાજ્યમાં આવેલ વાવોની માહિતીની સુવ્યવસ્થિત નોંધણી કરવામાં આવશે અને જરૂરીયાત મુજબ વાવોની સફાઈ, વિકાસ અને પ્રવાસન વિકાસ અંગેનાં પગલાઓ ભરવામાં આવશે.

### શું હશે "સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર"માં?

ઉવારસદ ખાતે બનનારા "સ્ટેપવેલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર" સેન્ટરમાં ગુજરાતમાં આવેલી વાવોનો ઈતિહાસ, તેનું મહત્વ, વિવિધ કથા-દંતકથાઓ, સાહિત્યમાં વાવ સ્થાપત્ય અંગેની વિગતો વગેરે ઓડીયો-વિડિયો ફોરમેટમાં જોવા મળશે. આ સાથે વાવ સ્થાપત્યને લગતા બ્રોશર્સ, પુસ્તકો, વાવનાં મોડેલ વગેરે સુવ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવામાં આવશે

### શું કરે છે 'અતુલ્ય વારસો' સંસ્થા?

અતુલ્ય વારસોના સંચાલક કપિલ ઠાકરે જણાવ્યું છે કે સંસ્થા હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર માટે વર્ષ ૨૦૦૮થી ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની જતન અને ઉજાગર કરવા માટે કાર્યરત છે અને અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાં ૪૦ જેટલી વાવોની સફાઈ અને વિકાસ કામગીરી, સંશોધન કાર્ય, હેરીટેજ પ્રવાસનને લગતા વિવિધ પ્રોજેક્ટ, વિવિધ સેમિનાર, વર્કશોપ, હેરીટેજ શિક્ષણને લગતી શિબિર વગેરે પુર્ણ કરવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં અતુલ્ય વારસો નામે વિવિધ પ્રકાશનો કરી લોક જોડાણનાં પ્રયાસો ચાલી રહ્યા છે.

# પાટીલના કાર્યક્રમમાં કોરોના ગાઈડલાઈનના ધજાગરા ઉડ્યાં

સુરત,તા.૧

રાજકીય કાર્યક્રમો અને નેતાઓને કોરોનાની ગાઈડલાઈન લાગુ ન પડતી હોય તેવો બનાવ ફરી સુરત શહેરમાં સામે આવ્યો છે. અહીં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલના કાર્યક્રમમાં જ કોરોનાની ગાઈડલાઈનનો ખુલ્લેઆમ ભંગ થયો હોય તેવો બનાવ સામે આવ્યો છે. આ અંગેની તસવીર અને વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ફરી રહ્યા છે. આ તસવીર ફરતી થતા જ લોકો સવાલ પૂછી રહ્યા છે કે શું રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો માટે યોજાતા કાર્યક્રમોમાં કોરોનાની ગાઈડલાઈન લાગુ નથી પડતી? શું નિયમો ફક્ત સામાન્ય લોકો માટે જ છે? શું રાજકીય નેતાઓ અને પક્ષોને કોરોનાની ગાઈડલાઈનના પાલનમાંથી મુક્તિ મળે છે? આ માટે મંજૂરી લેવાની શું કોઈ ખાસ વ્યવસ્થા છે? મળતી માહિતી પ્રમાણે થર્ટી ફર્સ્ટના સુરત શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. લોકો ઉજવણી માટે બહાર ન નીકળી પડે તેમજ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. બીજી તરફ મોડી સાંજે રૂસ્તમપુરાની એક વાડીમાં ભાજપની પેજ કમિટીના સભ્યોને પેજ કમિટી કાર્ડ વિતરણ કરવા માટે એક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સી.આર.પાટીલ ઉપરાંત ભાજપના અન્ય આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો એકઠા થયા હતા. સ્વાભાવિક છે કે ભીડ એકઠી થાય ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગ કે અન્ય કોઈ નિયમોનું પાલન ન થાય. અહીં અનેક કાર્યકરો માસ્ક વગર જોવા મળ્યા હતા.

# કોંગ્રેસે છ મનપા ચૂંટણી માટે નિરિક્ષકોની ટીમ જાહેર કરી

## અમદાવાદના નિરીક્ષક તરીકે સી જે ચાવડા, યુનુસ પટેલ, દીપક બાબરિયા, અલ્કાબેન, નિરંજન પટેલની નિયુક્તિ

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં છ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસે ઓબ્ઝર્વરની યાદી જાહેર કરી છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે નિરક્ષકોની ટીમ જાહેર કરવામાં આવી છે.

અમદાવાદમાં પાંચ નિરીક્ષકો નિયુક્ત કરાયા છે. નવા વર્ષમાં મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામશે. કોંગ્રેસે મનપાની ચૂંટણીમાં પકડ મજબૂત કરવા અને યોગ્ય ઉમેદવારોને મેદાનમાં ઉતારવા માટે મહારથીઓને જવાબદારી સોંપી છે.

અમદાવાદના નિરીક્ષક તરીકે સી જે ચાવડા, યુનુસ પટેલ, દીપક બાબરિયા, અલ્કાબેન પટેલ અને નિરંજન પટેલને નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના નિરીક્ષક તરીકે ગૌરવ પંડ્યા અને ઈન્દ્રવિજય ગોહિલના નામ પસંદ કરાયા છે. જામનગર મનપાની ચૂંટણી માટે ખુરદીશ શેખ, રાજુ પરમાર અને ચંદ્રિકાબેન ચુડાસાને નિરીક્ષક તરીકે મુકવામાં આવ્યા છે. રાજકોટમાં શૈલેષ પરમામ અને અણી યાજ્ઞિક નિરીક્ષક તરીકે કામ કરશે. સુરત મહાનગરપાલિકા માટે ગ્યાસુદ્દીન શેખ અને વિરજી ઠુમ્મર ઓબ્ઝર્વર રહેશે જ્યારે ભાવનગરના નિરક્ષક હિંમતસિંહ પટેલ અને સાગર રાયકા રહેશે.

અગાઉ કોરોના કાળને લીધે છ મહાનગરપાલિકા, ૫૫ નગરપાલિકા સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને રાજ્ય ચૂંટણી પંચે મુલતવી રાખી હતી. ત્યારબાદ હવે ફેબ્રુઆરી ૨૦૨૧ પૂર્વે સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાશે. અંદાજે ત્રણ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના પરિપ્રેક્ષ્યમાં મહત્વની માનવામાં આવે છે.

### ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો જોગ

ચાલુ નાણાંકીય વર્ષ : ૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓના વિવિધ ઘટકોમાં સહાય મેળવવા માટે i-khedut portal પર અરજી કરી છે. તેવા ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડુતોએ અત્રેની કચેરીએથી જે તે યોજનામાં મંજુરી મળેલ હોય તેવા ખેડુતોએ તા-૧૫/૦૧/૨૦૨૧ સુધીમાં જરૂરી ખરીદી અંગેના સાધનીક કાગળો અત્રેની કચેરીએ પહોચતા કરવાના રહેશે.



ગાંધીનગરમાં વિકાસ કાર્યો ઠેર ઠેર થઈ રહ્યા છે. રોડ, રસ્તા અને ગટરલાઈનના કામોમાં ઝડપ આવી છે. સેકટર-૨૨માં રોડ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નવો રોડ બનતા વસાહતીઓ ખુશખુશાલ બન્યા છે.

### પાલન કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય અને સામાજિક અંતર પણ જળવાઈ રહે. રાજ્ય ચૂંટણી પંચે તમામ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને મતદાન મથકોની મુલાકાત લઈ લેવા તેમજ સ્ટાફની નિમણુંક અને તેમની સાથેની બેઠકો પણ તાત્કાલિક કરવા માટેની સૂચનાઓ આપી છે.

આગામી એક-બે દિવસમાં જ ચંટણીની તૈયારીઓ ગતિ પકડશે તેમ મનાઈ રહ્યું છે. પંચ દ્વારા સતત વિડીયો કોન્ફરન્સથી જિલ્લાઓમાં ચાલી રહેલી તૈયારીઓ તેમજ મતદાર યાદીને લઈ સૂચનાઓ આપવામાં આવી રહી છે. મતદાર યાદી ક્ષતિ રહિત તૈયાર કરવા માટેની કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

### ૩૦ ટકા પૂછાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નપત્રો પણ તજજ્ઞો દ્વારા તૈયાર કરાવામાં આવ્યા છે. જયારે આ નમુના પ્રશ્નપત્રો તમામ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાઓને મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર પણ સંબંધિત વિગતો મુકવામાં આવી છે. તેમ શિક્ષણ બોર્ડના સંયુકત નિયામકે જણાંવ્યુ છે.

### ચીમકી આપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ નેતાઓએ જણાવ્યું છે કે, સરકારે ખાતરી આપ્યા બાદ પણ તેમના પ્રશ્નો ઉકેલવામાં સતત ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાથી તાજેતરમાં મળેલ બેઠકમાં આંદોલનનો નિર્ણય લેવાની ફરજ પડી છે.

તેમના જે પડતર પ્રશ્નો છે તેમાં પંચાયક સંવર્ગની વિવિધ જગ્યાઓના ગ્રેડ-પેમાં સુધારો કરવા, પંચાયત સેવામાં ફાર્માસીસ્ટ હાલના એઆઈસીટીઈ મુજબ ટેકનીકલ કેડર હોઈ આર.આર. મુજબ છઠ્ઠા પગાર પંચ મુજબનો ૪૬૦૦નો ગ્રેડ-પે આપવા બાબત, આરોગ્ય કર્મીઓને ૮ કિ.મી. નીચેની ફેરણીનું ભથ્થુ આપવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

### વેક્સિન યર-૨૦૨૧... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેથી વેક્સિનને મંજૂરીથી ભારતીયોને મોટી રાહત મળશે. અમેરિકામાં ડિસેમ્બરમાં જ વેક્સીનેશન શરૂ થઈ ગયું છે. અમેરિકાએ ફાઈઝર અને બાદમાં મોડર્નાની વેક્સિનને મંજૂરી આપી છે.

ઓક્સફોર્ડની કોરોના વેક્સિન ભારતની કંપની સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે. સીરમ ઈન્સ્ટિટ્યુટે ૫૦ મિલિયન ડોઝ તૈયાર રાખ્યા છે અને તેમાના મોટા ભાગના ડોઝ ભારતમાં જ આપવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું છે કે કોરોનાની વેક્સિન શનિવારે કોલ્ડ સ્ટોરેજમાંથી ભારતના અન્ય રાજ્યોમાં ઝડપથી પહોંચાડવામાં આવશે. સૂત્રોએ તે પણ જણાવ્યું છે કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) ભારત બાયોટેકની દેશી વેક્સિનને પણ મંજૂરી આપી શકે છે. ભારત બાયોટેકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) સાથે મળીને આ વેક્સિન તૈયાર કરી છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે એસ્ટ્રાઝેનેકા અને ભારત બાયોટેકની વેક્સિનને શુક્રવારે મંજૂરી મળી શકે છે.

### યાદી તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ.હર્ષવર્ધને આજે કોવિડ-૧૯ રસીકરણ અભિયાનના ડ્રાઈ રનની તૈયારીઓની ભાળ મેળવી લીધી. તેમણે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી દિલ્હી સરકારની સાથે એક સમીક્ષા બેઠક કરી. આપને જણાવી દઈએ કે ૨ જાન્યુઆરીના રોજ દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ડ્રાઈ રન કરાશે. તેમાં સરકારના નિર્દેશો અનુસાર રાજ્યોને પોતાના બે શહેરોને ચિન્હિત કરવા પડશે. ત્યારબાદ આ શહેરોમાં રસીની પહોંચ, હોસ્પિટલ સુધી જવાનું, પછી ડોઝ આપવાની પૂરી પ્રક્રિયાનું પાલન કરાશે, આ એક રિહર્સલની જેવું છે.

### મંજુરી આપી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડબ્લ્યુએચઓના એક્સેસ ટૂ મેડિસિન પ્રોગ્રામના વડા મરિયાન્ગેલા સિમાઓએ કહ્યું કે, કોવિડ -૧૯ રસી માટે વૈશ્વિક વપરાશ સુનિશ્ચિત કરવા માટે આ એક સકારાત્મક પગલું છે. પરંતુ હું સર્વત્ર અગ્રતાની વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રસી પુરવઠો જાળવવા માટે હજી પણ મોટા વૈશ્વિક પ્રયત્નોની જરૂર પર ભાર મૂકવા માંગુ છું. ફાઈઝરની કોરોના રસીને સૌથી પહેલા બ્રિટનમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી હતી. જે બાદ અમેરિકાએ પણ આ રસીને મંજૂરી આપી દીધી હતી. આ પછી, યુરોપિયન યુનિયન, ઈઝરાઈલ, સાઉદી અરેબિયા સહિત વિશ્વના ઘણા દેશોએ રસીના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી છે. વિશ્વ આરોગ્ય સંગઠનએ ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વાયરસની રસીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. આ સાથે જ હવે દુનિયાભરમાં ફાઈઝરની રસીના ઉપયોગનો રસ્તો ખુલી ગયો છે.

### જીએસટી કલેક્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થતંત્રમાં આવેલી તેજી તથા જીએસટી ન ભરનારાઓ સામે શરૂ કરવામાં આવેલા અભિયાનનું પરિણામ છે. ડિસેમ્બર ૨૦૨૦મા જીએસટીનું કલેક્શન ૧,૧૫,૧૭૪ કરોડ રૂપિયા છે જે ડિસેમ્બર ૨૦૧૯મા થયેલા ૧.૦૩ લાખ કરોડ કરતા ૧૨ ટકા વધારે છે. નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૮૭ લાખ જીએસટીઆર-૩બી રિટર્ન્સ ફાઈલ થયા છે. છેલ્લા ૨૧ મહિનામાં આ સૌથી વધુ માસિક આવક છે. આ કોરોના રોગચાળા બાદ અર્થતંત્રમાં આવેલી તેજી તથા દેશભરમાં જીએસટી ન ભરનારા લોકો તથા તાજેતરમાં કેટલાક સિસ્ટેમેટિક ફેરફારના કારણે ખોટા બિલો વિરુદ્ધ ચલાવવામાં આવેલા અભિયાન દ્વારા શક્ય બન્યું છે. જેના કારણે જીએસટીની આવકમાં વધારો થયો છે, તેમ નાણા મંત્રાલયે જણાવ્યું છે. ૧ જૂલાઈ ૨૦૧૭મા જીએસટી અમલી બનાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૦મા સૌથી વધુ કલેક્શન થયું છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં.:૧૨ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો. ૯૯૭૮૪૦૬૮૧૯), (ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬) દ્વારા તલોદ / ઈડર / હિંમતનગર પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) મહિયલ, તા. તલોજ અને પ્રાંતિજ ખાતે મરામત નિભાવણીની ૨૪ માસ માટેની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૧૯૪૬) (૨) કેશરપુરા તાઃઈડર મુકામે નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૩૦.૦૦ મીટર કરી આપવાની કામગીરી તેમજ માલસામાન સહિત પીવીસી ૧૧૦ મીમી વ્યાસની પાઈપ લાઈનની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૧૯૪૨) (૩) વસઈ તાઃઈડર ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની ૫.૫૦ મીટર ઉંચી ટાંકી અને પાઈપ લાઈનની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૧૯૪૮) કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા ઈ.૧ અને ઈ.૨ વર્ગ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તારીખ : ૧૫/૧/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબસાઈટ www.gwssb.org., http://gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબસાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ પર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૪૩૩/૨૦૨૧



યોગ કરીશું કોરોનાને હરાવીશું #DoYogaBeatCorona

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
દ્વારા આયોજિત
યોગમય ગુજરાત અંતર્ગત
યોગ સંવાદ

મુખ્ય વક્તા
યોગસેવક શીશપાલ
ચેરમેનશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

યોગ ટ્રેનર બનવાની સોનેરી તક

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ આયોજિત ગાંધીનગર જિલ્લા/તાલુકાઓની જનતાને ખાસ આમંત્રણ છે કે જે લોકો યોગ ટ્રેનર બની પોતાનું કેરિયર બનાવવા માંગતા હોય અને યોગ થકી સ્વસ્થ રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગતા હોય તથા યોગ સેવા કાર્યને જન જન સુધી પહોંચાડવા ઉત્સાહિત હોય તેવા ભાઈઓ-બહેનોને ગાંધીનગર જિલ્લા ના નીચે મુજબના તાલુકાના યોગ સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

કલોલ
૨ જાન્યુઆરી ૨૦૨૧ | બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કપીલેશ્વર મહાદેવ મંદિર, રાજેશ હોસ્પિટલની સામે, અંબિકા રોડ, કલોલ
સંપર્ક નં : ૭૬૨૧૮૬૨૭૧૦

માણસા
૩ જાન્યુઆરી ૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦
ઉમિયા વાડી મેરેજ હોલ, માણસા
સંપર્ક નં : ૯૯૦૪૭૮૮૬૭૮

દહેગામ
૩ જાન્યુઆરી ૨૦૨૧ | બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
ગીતાબેન આર. પટેલ ટાઉન હોલ, કોલેજ કેમ્પસ, દહેગામ
સંપર્ક નં : ૯૮૯૮૪૯૬૬૧૨, ૯૯૯૮૦૬૮૮૦૬

@GujaratYogBoard Gujarat State Yog Board gujaratyogboard | @YogsevakSheeshpal @Sheeshpal_Yog Yogsevak Sheeshpal Yogsevak Sheeshpal